

દિવસે દિવસે મોંઘવારી વધતી જાય છે. ગરીબ અને મધ્યમ વર્ગ માટે જીવન વધુને વધુ કઠિન બની રહ્યુ છે. વેપાર-ધંધા માટે નાના વેપારીઓને હીજરત કરવી પડી છે. રાજસ્થાનના કેટલાક નાના વેપારીઓ જરૂરીયાતની નાની-મોટી ચીજવસ્તુઓ લઈને વેચાણ માટે ગાંધીનગર આવ્યા છે. ટ્રકમાં ભરેલો સામાન ફૂટપાથ પર ગોઠવી તેઓ ઘરાકીનો ઈન્તજાર કરી રહ્યા છે. આકરા ઉનાળામાં ઘરાકી ન હોવાથી તેઓ આશાભરી નજરે ઘરાકોની રાહ જોઈ રહ્યા છે.

# જીએનએસયુમાં કોરોનાના વધુ ૧૦ કેસ

## ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ નોંધાયો નથી : જીએનએસયુમાં કેસની સંખ્યા ૪૮ પર પહોંચી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં આવેલ ગુજરાત નેશનલ લૉ યુનિ. ખાતે આજે કોરોનાના વધુ ૧૦ કેસ મળી આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગુજરાત નેશનલ લૉ યુનિ. એ શહેરમાં કોરોનાનું હોટસ્પોટ બની ઉભરી આવ્યુ છે. આજે યુનિ. કેમ્પસમાં તંત્રએ આખો દિવસ ટેસ્ટીંગની કામગીરી ચાલુ રાખી હતી. સાંજના પાંચ વાગ્યા સુધીમાં ૨૦૦ થી વધુના ટેસ્ટ કરવામાં આવ્યા હતા જેમાંથી ૧૦નો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

છેલ્લા ૪ દિવસમાં ૪૮ કેસ આ કેમ્પસમાં નોંધાયા હોવાથી તંત્રએ કન્ટેનમેન્ટ ઝોન તરીકે વિસ્તારને જાહેર કર્યા પછી સર્વેલન્સની કામગીરી પણ સઘન બનાવી છે. આજે રજાના દિવસે પણ શહેરના આરોગ્યતંત્રની ટીમોએ ત્યાં ધામા નાખ્યા છે.

આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. અહિ જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. ટી નામના નવા વેરિએન્ટની ચકાસણી અને જીનોમ સિકવન્સ માટે ૨૦થી વધુ સેમ્પલ ભારત બાયોટેક રિસર્ચ સેન્ટર ખાતે મોકલવામાં આવ્યા છે અને આગામી બે ત્રણ દિવસમાં પરિણામ આવશે તેમ જાણવા મળેલ છે. આજે નોંધાયેલા કેસમાં ૭ મહિલા અને ૩ પુરુષ દર્દીઓનો સમાવેશ થાય છે.

આજે કેમ્પસમાં રાજ્યના રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. જયેશ સોલંકી તેમની ટીમ સાથે પહોંચ્યા છે. એક મહિલા પ્રોફેસર પણ કોરોનાની ઝપટમાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. ત્રણ દિવસમાં તંત્રની ટીમો દ્વારા ૫૦૦થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. આજે હોમ આઈસોલેશનમાં રહેલા એક વિદ્યાર્થીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્રએ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે તાકીદ કરી છે. ગાંધીનગર શહેરમાં અન્ય સ્થાનોએ કોરોના પ્રસરે નહિ તે માટે તંત્રએ તેની કામગીરી સઘન અને કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણને પ્રાધાન્ય આપ્યુ છે.

ગાંધીનગર શહેરમાં હાલ ૫૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. નેશનલ લૉ યુનિ.માં નોંધાયેલા કેસોમાં એ. સિમ્ટોમેટીક કેસો વધુ મળી રહ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. વેક્સિનના બન્ને ડોઝ લેનારાઓના રિપોર્ટ પોઝીટીવ આવે છે પણ કોરોનાના લક્ષણો હળવા જણાયા હોવાનું સૂત્રો કહી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો નવો કેસ નોંધાયો નથી. ગ્રામ્ય વિસ્તારમાં ૭ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૨૦૦ થથી વધુ લોકોને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

# આકરી ગરમીમાં વધુ ૩ એમ એલ ડી પાણી વધુ આપવા પાણી પુરવઠા બોર્ડને દરખાસ્ત

## આકરા ઉનાળે સેક્ટરોમાં પાણીની જરૂરિયાત વધતા સેક્ટરોના બોર પણ રાત્રિના ૨ વાગ્યે શરૂ કરી દેવાશે : પ્રતિદિન વધુ ૩ એમ એલ ડી પાણી સપ્લાય કરાશે

ગાંધીનગર તા ૧૦

શહેરમાં એકબાજુ ગરમીનો પારો ઉંચે ચઢી રહ્યો છે અંગારા વરસાવતી ગરમીની સિઝનમાં પાણીનો વપરાશ પણ વધ્યો છે. સેકટરોમાં તંત્ર દ્વારા પર્યાપ્ત પાણીનો જથ્થો સપ્લાય કરવામાં આવતો હોવાછતા સેકટરોમાં કોઈક ખુંણે પાણીની પોકાર ઉઠતી રહે છે. આ સ્થિતિને અનુલક્ષી પાટનગર યોજના વિભાગે વધુ ૩ એમ એલ ડી પાણી સપ્લાય વધારે આપવા માટે પાણી પુરવઠા બોર્ડને દરખાસ્ત કરી દીધી છે.

ગાંધીનગરમાં એકબાજુ સમગ્ર દેશમાં માથાદીઠ પાણીનો વપરાશ વધુ હોવાનુ મનાઈ રહ્યુ છે. જયારે હાલની સ્થિતિએ અંદાજિત ૬૦ એમ એલ ડી જેટલુ પાણી પ્રતિદિન સપ્લાય કરવામાં આવી રહ્યુ છે. જયારે આ પાણી પુરવઠો સપ્લાય કરવા માટે તંત્ર દ્વારા ૪૫ એમ એલ ડી પાણી નર્મદાનુ ખરીદવામાં આવે છે. આ ઉપરાંત ૧૫ એમ એલ ડી પાણી સેકટરોના બોરના આધારે સપ્લાય કરવામાં આવે છે. પરંતુ તંત્ર દ્વારા સપ્લાય થતા આ પુરવઠા સામે અનેકવાર સ્થાનિકોમાં સવાલો મંડરાય છે. આ સ્થિતિ વચ્ચે હાલ એકબાજુ ગરમીની મોસમ પણ નિખરી છે. જેના લીધે સેકટરોમાં પાણીની જરૂરિયાત પણ વધી છે. શહેરમાં અંદાજિત ૬૫ એમ એલ ડી જેટલા પાણીની જરૂરિયાત રહે છે. જેને અનુલક્ષી સેકટરોમાં પાણીનો સપ્લાય વધારવા માટે પણ તંત્રએ પાણી પુરવઠા બોર્ડને વધુ પાણી સપ્લાય કરવા માટે દરખાસ્ત કરી છે. જો કે અગાઉ આ મુજબની વહીવટી પ્રક્રીયા કરવાની અનિવાર્યતા ઉભી થતી ન હતી પરંતુ હવે વધુ પાણીનો જથ્થો મેળવવા માટે વિભાગને દરખાસ્ત કરવાની રહે છે. આ સ્થિતિને અનુલક્ષી પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પાણી પુરવઠા બોર્ડને લેખિત દરખાસ્ત કરી દેવામાં આવી છે. ગરમીનો પારો એપ્રિલ મહીનાથી જ ૪૪ ડીગ્રી સુધી પહોંચી ગયો છે. અગાઉ મેં મહીનામાં ગરમીનુ રોદ્ર સ્વરૂપ જોવા મળતુ હતુ પરંતુ આ વર્ષે માર્ચની શરૂઆતથી જ ગરમીનો પારો ઉપર ચઢેલો જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં પાણીની જરૂરિયાત વધી છે. એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં નવી લાઈન નાાંખવા માટે પણ કામગીરી ચાલી રહી છે. ત્યારે ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની લાઈનની કામગીરી દરમિયાન શહેરમાં પાણીની જરૂરિયાત વધુ ઉભી થતા આખરે પ્રતિદિન ૬૫ એમ એલ ડી જેટલુ પાણી સપ્લાય થાય તે દીશામાં આયોજન કરવામાં આવ્યુ છે. મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ છેવાડાના ઘર સુધી પાણી પહોંચતુ કરવા પ્રયાસ કરાશે જયારે સેકટરાના બોર પણ રાત્રિના ૨ વાગ્યાથી જ ઓન કરી દેવાશે જેથી પાણીની લાઈનના આધારે પુરતા દબાણથી સેકટરોમાં પાણી સપ્લાય થઈ શકે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ૧૨મીએ સરઢવની મુલાકાતે જશે

## પ્રભાતફેરી, લોકાર્પણ, વૃક્ષારોપણ સહિત પશુ સારવાર કેમ્પ તેમજ અન્ય કાર્યક્રમોનું ગામમાં આયોજન

ગાંધીનગર, તા. ૧૦

૧૨મી એપ્રિલના રોજ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીનગર તાલુકાના સરઢવ ગામે પ્રભાતફેરી સહિત વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપનાર છે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીના પ્રતીકાત્મક કાર્યક્રમોનો સરઢવથી પ્રારંભ કરાવનાર છે. તેઓ આ દિવસે વૃક્ષારોપણ કરશે તેમજ ગામને ભેટ મળેલ આર.ઓ. પ્લાન્ટનું લોકાર્પણ કરશે. તેઓ પ્રભાતફેરી અને મહા આરતીમાં પણ જોડાવાના છે.

ગામની માધ્યમિક શાળાના જન્મ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં પણ તેઓ હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કરશે. આ ઉપરાંત સરઢવના પશુ દવાખાના ખાતે યોજાયેલ પશુ સારવાર કેમ્પ અને પશુ રસીકરણના કાર્યક્રમમાં પણ હાજરી આપનાર છે.

મુખ્યમંત્રીના વિવિધ કાર્યક્રમોને લઈ સરઢવ ખાતે તેમના સ્વાગત માટે તેમજ કાર્યક્રમોના આયોજનને આખરી ઓપ આપવામાં ગ્રામજનો વ્યસ્ત બન્યા છે. સરઢવમાં લાંબા સમય બાદ વિકાસ પર્વની ઉજવણીનું આયોજન થઈ રહ્યાનું ગ્રામજનો કહી રહ્યા છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૨૨ કેસ

ગાંધીનગર, તા.૧૦

રાજ્યમાં આજે કોરોનાના નવા ૨૨ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૭ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૯૭૬ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. રાજ્ય સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી છે.

# સે-૯ માં સાડા ચાર દાયકા જુના વિવિધ કક્ષાના ૭૨ મકાનો તોડવામાં આવશે

## વિવિધ ચ, છ અને જ કક્ષાના આવાસો તોડવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી : લાંબા સમયના અંતે જોખમી મકાનો તુટતા જગ્યા ખુલ્લી થશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરના વિવિધ સેકટરોમાં સ્થિત ચાર પાંચ દાયકા જુના સરકારી આવાસો લાંબા સમયના અંતે હવે ખંડેર બન્યા છે. રહેણાંકના ઉપયોગમાં આવી શકે તેવા રહ્યા નથી જેના લીધે તંત્ર દ્વારા આવા જોખમી મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. સે-૯ માં પણ લાંબા સમયથી સાડા ચાર દાયકા જુના મકાનો યથાવત સ્થિતિમાં છે. આખરે આ ચ જ એ છ કક્ષાના આ આવાસોને તોડવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. જેના અંતે તંત્ર દ્વારા સેકટરમાં સ્થિત ૭૨ જેટલા મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવશે આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં આવાસોનો કડુસલો કરાશે.

શહેરમાં જુના અને જોખમી સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. એકબાજુ જુના આવાસોનો કડુસલો કરી નવા આવાસો બાંધવા માટે ઝડપથી કામ હાથ ધરવામાં ન આવતા કર્મચારીઓને આવાસ ફાળવવાની પ્રક્રીયા પણ મંદ પડી ગઈ છે. શહેરમાં જોખમી આવાસોની સંખ્યા વિશેષ છે જયારે રહેણાંકને લાયક મકાનો વધુ ન હોવાથી નવા આવાસો બનાવાનુ કામ પણ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી માંગણી પણ પ્રબળ બની છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના સાડા ચારથી પાંચ દાયકા જુના છે.

ત્યારે કેટલાક આવાસોની સ્થિતિનો અભ્યાસ કરીને તંત્ર દ્વારા રીનોવેશન હેઠળ પણ આવાસો આવરી લેવાયા છે. પરંતુ મોટાભાગના મકાનો તોડવા પડે તેવી સ્થિતિમાં જ છે. ત્યારે જોખમી આવાસોને સંપુર્ણ ખાલી કરાવાનુ કામ પણ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. જો કે ખાલી થાય તે મુજબ ભયજનક મકાનો તોડવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવે છે.

શહેરના સે-૯ માં વિવિધ ચ , છ અને જ કક્ષાના મકાનો લાંબા સમયથી જોખમી હાલતમાં પડ્યા છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા આ આવાસોનો કડુસલો કરવાનો નિર્ણય લેવાયો હતો આખરે વિભાગ કક્ષાએથી પણ દરખાસ્તને મંજુરી આપી દેવાતા ટુંકમાં જ આ મકાનો તોડવા માટે કામ હાથ ધરવામાં આવશે. સે-૯ માં ચ, છ અને જ કક્ષાના અંદાજિત ૭૨ મકાનો તોડી નાંખવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે. જેના અંતે આવાસો તોડવાનુ કામ હાથ ધરાશે. જુના આવાસોનો નિકાલ કરવામાં આવ્યા બાદ ખુલ્લી થયેલી જગ્યા પર નવા મકાનો બાંધવા માટે પણ ઝડપથી આયોજન કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# હીટવેવમાં રાહત : છેલ્લા બે દિવસમાં ગરમીનો પારો ૪ ડીગ્રી નીચે ઉતર્યો

## મહત્તમ તાપમાનનો પારો નીચે ઉતરી ૪૦ ડીગ્રીએ આવી ગયો : લઘુત્તમ તાપમાન પણ ૨૩ ડીગ્રીએ

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં ઉનાળાની શરૂઆતથી જ ગરમીનો પારો ઉપર ચઢેલો છે. માર્ચ મહીનામાં જ મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જયારે એપ્રિલના પ્રથમ સપ્તાહમાં જ મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી નજીક પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. જેના લીધે જનજીવન ગરમીની અસરથી સુન્ન પડી ગયુ હતુ. જો કે છેલ્લા બે દિવસથી સતત ગરમીનો પારો નીચે ઉતરતા આજે મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. આ ઉપરાંત લઘુત્તમ તાપમાન પણ ૨૩ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી.

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ગરમીનો આકરો મિજજા નગરજનો માટે મુંઝવણરૂપ બન્યો હતો ગઈકાલે પણ મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રીની નજીક રહ્યુ હતુ. જયારે બે દિવસ



અગાઉ ગરમીનો પારો ૪૪ ડીગ્રીની નજીક આવી જતા નગરજનોએ આકાશમાંથી અંગારા વરસતી ગરમીનો અહેસાસ કર્યો હતો. જો કે ગઈકાલે પણ ગરમીનુ જોર ઘટયુ હતુ. ગરમીનો પારો ૨ ડીગ્રી નીચે આવ્યો હતો જયારે આજે સતત બીજા દિવસે પણ ગરમીમાં ૨ ડીગ્રીનો ઘટાડો થતા આજે મહત્તમ તાપમાન ફરી ૪૦ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. વધુમાં રાત્રિનુ તાપમાન પણ ૨ ડીગ્રી નીચે ઉતર્યુ હતુ જેના લીધે નગરજનોએ છેલ્લા ત્રણ ચાર દિવસની સાપેક્ષમાં આજે ગરમીમાં રાહત અનુભવી હતી. ગરમી ઘટવાની સાથે વાતાવરણમાં ભેજના પ્રમાણમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે.

આ વર્ષે ઉનાળો વધુ આક્રમક અને આકરો પુરવાર થયો છે. જેના લીધે માર્ચ મહીનાથી જ ગરમીનો મિજાજ ઉગ્ર જોવા મળી રહ્યો છે. માર્ચ મહીનાની શરૂઆતથી જ ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ પહોંચી ગયો હતો. જયારે એપ્રિલ મહીનામાં મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીએ આવી જતા શહેરનુ જનજીવન ગરમીની અસરથી સુન્ન પડી ગયુ છે. જેના લીધે દિવસ દરમિયાન નગરના મુખ્યમાર્ગો અને સેકટરોની શેરીઓમાં સન્નાટાનો માહોલ જોવા મળે છે. જો કે આજે રજાનો દિવસ હોવાની સાથે ગરમીએ પણ જોર ઘટતા નગરજનોએ રાહત અનુભવી હતી. દિવસ દરમિયાન આકરા તાપ વચ્ચે ફુંકાતી ગરમ લું ના લીધે પણ જનઆરોગ્ય પ્રભાવિત છે.

છેલ્લા ઘણાં સમયથી ગરમીનો પારો ૪૧ ડીગ્રીની પાર જ રહેતો હોવાથી શહેરમાં આકરી ગરમીનુ મોજુ ફરી વળ્યુ હતુ. એકબાજુ બોર્ડની પરીક્ષા પણ ચાલતી હોવાથી પરીક્ષાર્થીઓ માટે પણ આકરી ગરમી કસોટીરૂપ બની હતી. આગામી દિવસોમાં ગરમીનો પારો વધુ ઉગ્ર બને તેવી સંભાવના છે જયારે ગરમીની અસરથી બચવા માટે વધુ પાણી પીવુ અનિવાર્ય હોવાનુ પણ નગરના તબીબોએ જણાંવ્યુ છે. આકરી ગરમીના લીધે ખુલ્લામાં રહેતા શ્રમિકોની હાલત કફોડી બની છે.

# આરોગ્યતંત્ર હવે સ્ક્રીનીંગની કામગીરી માટે ટીમ ડેપ્યુટ નહિ કરે

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યમાં સંસ્થાઓ કે અન્ય વિભાગો દ્વારા યોજાતા જાહેર કાર્યક્રમોમાં સ્ક્રીનીંગ, થર્મલગન, સેનીટાઈઝર ગ્લોઝ, માસ્ક સાથે આરોગ્યતંત્રની ટીમો ડેપ્યુટ કરવામાં આવશે નહિ.

રાજ્યના આરોગ્ય વિભાગે આ નિર્ણય કર્યો છે. આરોગ્ય સિવાયના વિવિધ વિભાગો દ્વારા યોજવામાં આવતા કાર્યક્રમોમાં આરોગ્યની ટીમો ડેપ્યુટ કરવામાં આવતાં તેના અન્ય પ્રોગ્રામો પર માઠી અસર પડી રહી હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આવા કાર્યક્રમો માટે જે તે સંસ્થા કે વિભાગ દ્વારા જરૂરી સાધન સામગ્રી ખરીદી કરીને સ્કીનીંગ સહિતની કામગીરી કરવાની રહેશે. આ માટે હવે આરોગ્યતંત્ર ટીમ ડેપ્યુટ કરશે નહિ.



પાકી કેરી ભલે બજારોમાં ન આવી હોય પરંતુ કાચી કેરી આંબાઓ પર જુલવા લાગી છે. કાચી કેરીની સોડમ પક્ષીઓને તેમની તરફ આકર્ષી રહી છે. ગાંધીનગરમાં હજુ ક્યાંક ક્યાંક બચેલા આંબાઓ પર કેરીઓનો ફાલ આવતા પક્ષીઓ માટે તો જાણે આજકાલ મિજબાનીનો સમય ચાલી રહ્યો છે. પોપટ અને અન્ય પક્ષીઓ કાચી કેરીના સ્વાદની મજા માણી રહ્યા છે.

# ગુજકોમાસોલના નવનિર્મિત ભવનનું અમિત શાહના હસ્તે ઉદ્દઘાટન કરાયું

ગાંધીનગર, તા.૧૦

સહકાર ક્ષેત્ર દેશના આર્થિક વિકાસનું ત્રીજુ મોડેલ છે. આ ત્રીજા મોડેલ દેશના વિકાસ માટે ઉપયોગી અને અનુકુળ મોડલ છે. તેને મજબૂત કરી જનજન સુધી તેનો ફાયદો કરાવવો તથા દેશના વડાપ્રધાનશ્રીના સ્વપ્ન ૫ ટ્રીલિયન ડોલર ઈકોનોમિને હાંસલ કરવા ગ્રામીણ ક્ષેત્રને જોડવાનું કામ કરવું ખૂબ જરૂરી છે, તેવું આજરોજ ગાંધીનગર ખાતે નવનિર્મિત ગુજકોમાસોલના શ્રી ત્રિભુવનદાસ પટેલ સહકાર ભવનના ઉદ્દઘાટન સમારંભમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સરદાર પટેલ, મોરાજી દેસાઈ અને ઉદેસિંહ ભાણસિંહ જેવા અનેક લોકોએ સહકારની ભાવના આપણામાં આઝાદીના સમયથી પ્રત્યારોપિત કરી છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, સહકારિતાની ભાવના સાથે પ્રોફેશનલિઝમની ભાવનાનું સમન્વય ત્રિભુવનદાસ પટેલે ગુજરાતમાં કરી છે. કોઈપણ સંસ્થાને સ્પર્ધામાં ટકવા માટે સમયઉચિત ફેરફાર કરવા ખૂબ જરૂરી છે. જેથી સહકાર ક્ષેત્રમાં કોમ્પ્યુટરાઈઝેશન અને પ્રોફેશનલ લોકોની ભરતી કરવી પણ ખૂબ જ જરૂરી છે.

દેશના અર્થતંત્રમાં પાંચ વર્ષમાં સહકાર ક્ષેત્રનું યોગદાન વધારવા આ સરકાર કટિબધ્ધ છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, ૧૯૬૦મા સ્થાપના થયેલ ગુજકોમાસોલએ અનેક ઉતાર-ચઢાવ જોયા છે. આજે ૨૨ ટકા ડિવિડન્ટ આપનાર સંસ્થા પણ દેશમાં આ છે. તેમજ મગફળીના તેલનું ઉત્પાદન અને ૨૫૦ જેટલા મેગા સ્ટોલનું નિર્માણ ગુજકોમાસોલે કર્યા છે, તે બદલ અભિનંદન આપ્યા હતા.

ગુજકોમાસોલના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણીએ મહાનુભાવોનું સ્વાગત કરી જણાવ્યું હતું કે, ગ્રામ્ય જનજીવનને ધબકતું કરવાનું મુખ્યકાર્ય ગુજકોમાસોલનું છે. છેલ્લા ત્રણ વર્ષના સમયગાળામાં આ સંસ્થાએ તેના ડિવિડન્ટમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી છે. વડાપ્રધાનશ્રીના સહકાર થી સમૃધ્ધિક્ષેત્રનું સૂત્ર સાર્થક કરવાનું કાર્ય આ સંસ્થા કરી રહી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com